# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-10-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. હરિયાણામાં ભાજપ અને જમ્મુ કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસના ગઠબંધનને બહુમતી
2. સ્વસહાય જૂથ અને મહિલાઓને મદદરૂપ થવા માટે અમદાવાદના GMDC મેદાનમાં સરસ મેળાનો પ્રારંભ.
3. સ્વચ્છતા અભિયાન નિમિત્તે ખેડાના ડભાણ ગામને "રાષ્ટ્રીય સ્વચ્છતાલક્ષી એકમ" પુરસ્કાર મળ્યો
4. ટપાલ ટિકિટ સંગ્રહ પ્રત્યે બાળકોની અભિરૂચિ માટે ટપાલ વિભાગ શાળાઓમાં ટપાલ ટિકિટ સંગ્રહ ક્લબ શરૂ કરશે.
5. ગુજરાતી ફિલ્મ “કચ્છ એક્સપ્રેસ” માટે અભિનેત્રી માનસી પારેખને શ્રેષ્ઠ અભિનેત્રીનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત
6. નવરાત્રીનો આજે છઠ્ઠો દિવસ – ઉંઝા ઉમિયા માતાજીના મંદિરમાં વિશેષ વ્યવસ્થા કરવામાં આવી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# HARIYANA AND JK ASSEMBLY RESULT

હરિયાણા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી માટે આજે મતગણતરી કરવામાં આવી હતી. ભારતીય ચૂંટણી પંચના આંકડા અનુસાર, હરિયાણામાં ભારતીય જનતા પક્ષને 90 માંથી 47 બેઠક પર જીત મળતાં પક્ષ સતત ત્રીજી વખત સરકાર બનાવવા તરફ જઇ રહ્યો છે. જ્યારે જમ્મુ-કાશ્મીરમાં 90માંથી સૌથી વધુ 42 બેઠક જમ્મુ અને કાશ્મીર નેશનલ કૉન્ફરન્સ પક્ષે જીતી છે. જ્યારે ભાજપે 29 બેઠક જીતી છે. જમ્મુ કાશ્મીરમાં કોંગ્રેસ નેશનલ કોન્ફરન્સના ગઠબંધનને બહુમતી  મળી  છે.

આ તરફ ગાંધીનગરમાં કમલમ્ ખાતે ગુજરાત ભાજપે હરિયાણાના વિજયની ઉજવણી કરી હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે કહ્યું કે, ‘હરિયાણાની જનતાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર અખૂટ વિશ્વાસ બતાવ્યો છે. જનતાએ ભાજપને ત્રીજી વખત સત્તા સોંપી છે.

-----------------------------------

# GMDC SARAS MELO

શહેરીજનો, ગ્રામીણ મહિલાઓ અને કળામાં રસ ધરાવતા લોકોને રોજગારીની તક પૂરી પાડવા માટે અમદાવાદના GMDC મેદાન ખાતે સરસ મેળાનું આયોજન કરાયું છે. આ રીતે વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવમાં “સરસ મેળા” તરીકે વધુ એક આકર્ષણ ઉમેરાયું છે.

સત્તાવાર માહિતી અનુસાર, ગુજરાત આજીવિકા પ્રોત્સાહન કંપની દ્વારા વિશેષ “થીમ પેવેલિયન” પર શરૂ કરાયેલા આ મેળામાં રાજ્યભરમાંથી આવતા સ્વસહાય જૂથ અને સખી મંડળની મહિલાઓ દ્વારા નિર્મિત કલાત્મક ચીજવસ્તુઓનું 22 સ્ટોલ પર પ્રદર્શન અને વેચાણ થઈ રહ્યું છે. આ મેળો 11મી ઑક્ટોબર સુધી ચાલશે.

----------------

## RASHTRIYA SWACHHTA EKAM AWARD

સ્વચ્છતા અભિયાન નિમિત્તે ખેડાના ડભાણ ગામને " રાષ્ટ્રીય સ્વચ્છતા લક્ષી એકમ" પુરસ્કાર મળ્યો છે. જે ગ્રામ પંચાયત સ્વચ્છ ભારત મિશનના નિયમો મુજબ સ્વચ્છતા રાખે છે તેમને  આ પુરસ્કાર અપાય છે.

આ અંગે ગામના સરપંચે કહ્યું કે, રાજ્ય સરકારની યોજના અંતર્ગત ગામમાં કચરો એકત્રિત કરવા માટે સરકાર તરફથી મળેલા અનુદાનમાંથી ઈ -રીક્ષા લાવવામાં આવી છે. ગામમાં સફાઈ કરવા દિવસ અને રાત્રી દરમિયાન 60 સફાઈ કર્મચારીઓ મૂકાયા છે.

( બાઈટ - ઈશિત પટેલ, સરપંચ, ડભાણ ગ્રામ પંચાયત)

-----------------------------------

NATIONAL POSTAL WEEK AHMEDABAD

ટપાલ ટિકિટ સંગ્રહ પ્રત્યે બાળકોની અભિરૂચિ માટે ટપાલ વિભાગ શાળાઓમાં ફિલાટેલી એટલે કે, ટપાલ ટિકિટ સંગ્રહ ક્લબ શરૂ કરશે. આ નાણાકીય વર્ષમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં અત્યાર સુધી આવા 11 ક્લબ શર કરાયા છે. અમદાવાદ પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે અમદાવાદ જાહેર ટપાલ કાર્યાલય G.P.O. ખાતે ફિલાટેલી ડે એટલે કે, ટપાલ ટિકિટ સંગ્રહ દિવસનું ઉદ્ઘાટન કરતા આ મુજબ જણાવ્યું હતું. આ પ્રસંગે શ્રી યાદવે બાળકોના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી ફિલાટેલી સાથે જોડાવવા અપીલ કરી હતી.

અમદાવાદ જાહેર ટપાલ કાર્યાલયના ચીફ પોસ્ટમાસ્ટર ગોવિંદ શર્માએ કહ્યું, ‘માત્ર 200 રૂપિયામાં ટપાલ ટિકિટ સંગ્રહ ધિરાણ ખાતું ખોલીને ઘરેબેઠા ટપાલ ટિકિટ મેળવી શકાય છે.

-----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

......................................

## MANSI PAREKH NATIONAL AWARD

ગુજરાતી ફિલ્મ “કચ્છ એક્સપ્રેસ” માટે અભિનેત્રી માનસી પારેખને શ્રેષ્ઠ અભિનેત્રીનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરાયો છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ અભિનેત્રી માનસી પારેખને આ પુરસ્કાર આપ્યો હતો.

સમારોહ દરમિયાન હિન્દી સિનેમાના અભિનેતા મિથુન ચક્રવર્તીને ફિલ્મ જગતના સર્વોચ્ચ એવા દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

-----------------------------------

## NAVRATRI SIXTH DAY

નવલાં નોરતાંનો આજે છઠ્ઠો દિવસ છે. આજના દિવસે માતાજીના કાત્યાયની સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. મહર્ષી કાત્યાયને સર્વપ્રથમ તેમની ઉપાસના કરી હોવાથી તેમનું નામ કાત્યાયની માતા હોવાનું મનાય છે. તેમનું વાહન સિંહ છે અને તેમની પૂજા કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેમજ ભય અને કષ્ટોનો પણ નાશ થાય છે.

આ તરફ મહેસાણાના ઊંઝામાં આવેલા ઉમિયા માતાજીના મંદિરમાં ભક્તો દરરોજ ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે. ખેલૈયાઓ માટે વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિએ આ અંગે માહિતી આપી હતી.

(વોઇસકાસ્ટ- જયંતી ચૌધરી, PTC, મહેસાણા ઊંઝા,)

--------------------

# VIKAS SAPTAH-DISTRICT -1

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજે સરકારી કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી. રાજ્ય સરકાર દ્વારા ૭ ઓક્ટોબર થી ૧૫ ઓક્ટોબર સુધી આયોજિત "વિકાસ સપ્તાહ"ના ભાગરૂપે નવસારી નજીકના સુપા ગામે ગુરુકુલ વિદ્યામંદિરમાં વિકાસ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ અને શિક્ષક મંડળે સાંસ્કૃતિક વારસાના જતન માટે "ભારત વિકાસ પ્રતિજ્ઞા" લીધી હતી.

મહેસાણા જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી ડો.હસરત જેસમીન ના અધ્યક્ષ સ્થાને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી.

મોરબી જિલ્લામાં જિલ્લા કલેક્ટર કે. બી. ઝવેરીની ઉપસ્થિતિમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારી અને કર્મચારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી.

ભુજ સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને સંગ્રહાલય ખાતે કર્મચારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લઇને વિકસિત ભારત બનાવવામાં પોતાનું યોગદાન આપવા નિશ્ચય કર્યો.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી તેમજ ઉચ્ચ અધિકારીઓ – કર્મચારીઓએ 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી.

વડોદરામાં કલેકટર કચેરી અને જિલ્લાની તમામ કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મયોગીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી.

સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર કે.સી.સંપટ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ તન્ના સહિતના જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓએ "ભારત વિકાસ પ્રતિજ્ઞા" લીધી.

પાટણના સાંતલપુર તાલુકાના રણ વિસ્તારમાં આવેલ એશિયાના સૌથી મોટા સોલાર પાર્ક ચારણકા ખાતે વિકાસ પદયાત્રાનું આયોજન કરાયું છે.

-----------------------------------

## PRAKRUTI SHIKSHAN KENDRA

પાવાગઢની તળેટીમાં રહીને પ્રકૃતિનું શિક્ષણ મેળવવા માંગતા લોકો માટે કેબિનેટ વન મંત્રી મુળુભાઇ બેરા અને રાજ્યકક્ષાના વનમંત્રી મુકેશભાઈ પટેલે આજે પાવાગઢમાં પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું.

આ કેન્દ્રમાં પ્રકૃતિ પ્રેમીઓ માટે રહેવા તથા જમવા સહિતની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે, મુલાકાતીઓ પ્રકૃતિ સાથે રહી શકે તે માટે ટેન્ટ ઊભા કરાયા છે. સાથે જ વન વિભાગ દ્વારા દુર્લભ પ્રજાતિના વૃક્ષોનો ઉછેર કરાશે.

ઉપરાંત

વન્યજીવો અને વૃક્ષોનો ઉછેર થાય તે માટે પણ પ્રયત્ન કરાશે.

(બાઈટ - મુળુભાઈ બેરા, વન મંત્રી)

-----------------------------------